(ઠ) ખંડ ૧૦ના સ્પષ્ટીકરણ (૩)માં ઠરાવેલી રીતે વ્યકિતએ માલનો નિકાલ કરવાનો, સન ૧૯૮૬નો ૫મો.

પણ તેમાં ગીરો, સાનગીરો, બોજ અથવા આડગીરો મૂકવાનો સમાવેશ થતો નથી; અને ''વેચવું'', ''ખરીદવું'' અને ''ખરીદી'' એ શબ્દોનો તેના તમામ વ્યાકરણિક રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિતનો અર્થ તે પ્રમાણે કરવો. સન ૧૯૬૨નો ૫૨મો.

**સ્પષ્ટીકરણ :** (૧) આ ખંડના હેતુઓ માટે, ''રાજ્યની અંદર કરેલા વેચાણ''માં કેન્દ્રીય અધિનિયમની કલમ ૪ની પેટાકલમ (૨)માં ઘડેલા સિધ્ધાંતો અનુસાર રાજ્યની અંદર થયું હોય તેવાં વેચાણ તરીકે નકકી થયેલા કોઈ વેચાણનો સમાવેશ થાય છે;

(૨) પેટાખંડ (ખ)ના હેતુ માટે ''વર્કસ કોન્ટ્રાકટ'' એટલે બાંધકામના અમલ કરવા માટેનો કરાર અને તેમાં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા વર્કસ કોન્ટ્રાકટનો સમાવેશ થાય છે;

(૩) ધંધા દરમિયાન હોય કે ન હોય તો પણ રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા ''કીમતી'' અવેજ બદલ, કેન્દ્ર સરકારે, કોઈ રાજ્ય સરકારે, વૈધાનિક મંડળે અથવા સ્થાનિક સત્તામંડળે કરેલ માલમાંની મિલકતની દરેક તબદીલી, આ અધિનિયમના હેતુઓ માટે 'વેચાણ' ગણાશે.

(૨૪) ''વેચાણ કિંમત'' એટલે કેન્દ્રીય આબકારી ટેરીફ અધિનિયમ, ૧૯૮૫ અથવા સીમા શુલ્ક અધિનિયમ, ૧૯૬૨ હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર શુલ્કની રકમ સહિત કોઈ માલના વેચાણ માટે વેપારીને ચુકવેલ અથવા ચુકવવાપાત્ર અથવા વેપારીએ મેળવેલ અથવા મળવાપાત્ર કીમતી અવેજની રકમ અને માલ પહોંચાડતી વખતે અથવા તે પહેલા, તે માલના સંબંધમાં વેપારીએ કરેલ કોઈ કામ માટે લીધેલી કોઈ રકમ અને તેમાં,

(ક) (૧) કરાર અનુસાર હોય તે સિવાય કોઈ માલમાંની મિલકતની તબદીલી,

(૨) કોઈપણ હેતુ માટે કોઈ માલના વપરાશના હકની તબંદીલી, પછી તે નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તો પણ,

(૩) કોઈ બિનસંસ્થાપિત એસોસિયેશને અથવા વ્યકિતઓના મંડળે તેના સભ્યને માલ પુરો પાડવાનો,

(૪) કોઈ સેવાની રીતે અથવા તેના કોઈ ભાગ તરીકે અથવા બીજી ગમે તે રીતે ખોરાક અથવા માનવ વપરાશ માટેની કોઈ ચીજવસ્તુ અથવા કોઈ પીણું (કેફી હોય કે ન હોય) પૂરું પાડવાના સંબંધમાં,

ચુકવેલ અથવા ચુકવવાની રોકડ રકમ અથવા વિલંબિત ચૂકવણી અથવા બીજા કીમતી અવેજનો સમાવેશ થાય છે,

(ખ) બાંધકામના કરારની અમલબજવણીમાં સમાંવિષ્ટ માલમાંની મિલકતની (માલ તરીકે અથવા કોઈ બીજા સ્વરૂપમાં ) તબદીલીના સંબંધમાં, એવા બાંધકામના કરારની અમલબજવણી માટે વ્યકિતને ચૂકવેલ અથવા ચુકવવાના કીમતી અવેજની રકમમાંથી એવી અમલબજવણી માટે મજૂર ખર્ચ દર્શાવતી રકમો બાદ કરતાં જે રકમ આવે તે;

(ગ) ભાડાંખરીદીથી અથવા હપ્તેથી ચુકવણીની કોઈ પધ્ધતિથી માલ



AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSO.
REC. DT. 29-04-2017